સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતિ વર્ષ)
'માંદા-સાજા-મૃત્યુ' માહિતીમાં જૂઠનો જંગ થાય છે,
'કુદરતી ખોફ છે' એમાં તંત્ર ખોટું તંગ થાય છે.
રંગ રાખ્યો છે યોદ્ધાઓએ ધૈર્ય અને સેવાભાવથી -
બેદરકારીથી મૃત્યુની મર્યાદાઓનો ભંગ થાય છે.
(આંકડા છૂપાવવાથી ભાજપનો વિકાસ ન દેખાય)

હાઈકુ

રહે ન છૂપું -
ચીખે છાપરે ચઢી -
'સદા જૂઠાણું'

નેતૃત્વ વિના -
છે વૈધવ્ય વિલાપે -
કાંગી કરુણા...

ચિંતન

બારિ મથેં ઘૃતં હોઈ વરુ સિક્તા તે વરુ તેલ ।
બિનુ હરિ ભજન ન ભવ તરિઅ સિદ્ધાંત અપેલ ॥

ઉપરોક્ત સાખી તુલસીકૃત રામાયણમાંથી લેવામાં આવેલ છે.

જળમાં મંથનથી ભલે ઘી નીકળે, રેતીમાંથી ભલે તેલ નીકળે, પરંતુ ભગવાનના ભજન વિના મનુષ્ય ભવસાગર તરી શકતો નથી. આ એક અટલ સિદ્ધાંત છે.

દીર્ઘકાળ પર્યંત નિરંતર સત્કાર સહિત કરવાથી જ અભ્યાસ દૃઢ થાય છે. ભજનરુપી અભ્યાસ તો જ સિદ્ધ થાય જો તે અભ્યાસ અખંડ હોય, સતત હોય અને સત્કારપૂર્વક હોય.

તમારા હૃદયમાં દિવ્ય જયોતિને અખંડ રાખો. તમારી નબળાઈઓ અને પ્રલોભનોને કદી નમતું આપશો નહીં. સાવધાન રહો, લાપરવાહી અને આળસનો જળમૂળથી નાશ કરો. આવેશમાં આવી જઈ થોડા દિવસ જોરદાર સાધના કરીને પછઈ છોડી દેવાથી કાંઈ જ વળશે નહીં. જો સતત અભ્યાસ ન થાય તો વાસનાઓ તમારા મનમાં પ્રવેશવાનો પ્રયત્ન કરશે. સાંસારિક પ્રલોભનો તમારા અંતઃકરણને કચડી નાખશે. આથી ભક્તે ખૂબ સાવધ રહેવાની જરૂર છે.

સુવિચાર

- આઓ જિંદગીમેં થોડા અકેલાપન આજમાતે હૈ... પૈસે ખતમ હો ગયે... રિશ્તેદારોં મેં યે ખબર ફેલાતે હૈ - **માનસ સુરેલિયા**
- સાધના કરવા માટેની ત્રણ મુખ્ય વસ્તુ જરૂરી છે, સ્થિરતા, વીરતા અને પવિત્રતા - **એસ. ભટ્ટાચાર્ય**
- જયાં સુધી કસોટી કસોટી લાગે ત્યાં સુધી સાધના અધૂરી છે, કસોટી પણ જયારે કૃપા લાગે ત્યારે સાધના સફળ બને છે - **મોરારિ બાપુ**
- એટલું જરૂર યાદ રાખો કે 'પ્રગટે છે એ અજવાળું કરે છે... બાકી બળનાર ખાક થાય છે' - **રોહિત શાહ**
- માનવીનું કર્મ જ તેના વિચારોની સર્વશ્રેષ્ઠ વ્યાખ્યા આપે છે - **ફાદર વર્ગીસ પોલ**
- જયારે અતઃકરણ ભાવસભર હોય અથવા સદ્‌વૃત્તિથી છલકાતું હોય એવી અવસ્થામાં વ્યક્તિમાં સત્વ પ્રગટ થવા લાગે છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : માતા બનવામાં હોય તે બહેનોએ રોજ બે પેશી અંજીરનું સેવન કરવાથી બાળક સ્વસ્થ રહે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

વિખ્યાત મનોવિજ્ઞાની એડગરને પત્રકારે પૂછ્યું કે માનવીને મનને સૌથી વધુ પુષ્ટ કરે એવી કઈ બાબત છે ? કે જેમ માનવીના શરીરને માટે પૌષ્ટિક ખોરાક મહત્ત્વનો છે, તેમ મનનો સૌથી વધુ પૌષ્ટિક ખોરાક કયો હોઈ શકે? એડગરે પત્રકારને જવાબ આપતા કહ્યું, 'ભાઈ, દરેક વ્યક્તિના ચિત્ત જુદા જુદા હોય છે એમના વલણો અને અભિગમો નોખાં નોખાં હોય છે. એમની પ્રકૃતિ, તાસીર અને પસંદગી ભિન્ન ભિન્ન હોય છે. આ માનવ માત્રના મનને પુષ્ટ અને તુષ્ટ કરે એવી એક જ બાબત છે તે છે 'મહત્તા'' પત્રકારે કહ્યું, 'જરા વિસ્તારથી સમજાવો.' એડગરે કહ્યું, 'રાષ્ટ્રપ્રમુખથી માંડીને સામાન્ય પટાવળો પણ એના અંતરમાં કોઈ છાને ખૂણે મહત્તાની ભાવના સેવી રહ્યો હોય છે. પ્રત્યેક ના ચિત્તમાં આ ભાવ સતત વસતો હોય છે. આ ભાવને જે પારખે છે, તે માનવીની કાર્યશક્તિને પ્રગટ કરી શકે છે, આથી મહત્તા એ મનને પુષ્ટ કરનારી સૌથી મોટી બાબત છે.' પત્રકારે પૂછ્યું, 'ધારો કે આવી મહત્તા ન મળતાં માનવ મૃત્યુ પામશે? કે શું એ નિરુત્સાહ અને ઉદાસીન બની જશે?' 'એડગરે કહ્યું, 'ના, એ તનથી મૃત્યુ પામતો નથી, પરંતુ મનથી મૃત્યુ પામે છે. એનામાં હૈયામાં ન તો પ્રેરણા હોય કે ન તો ઉત્સાહ પરિણામે એની જીવન પ્રત્યેની નિરાશા વધતી જાય છે અને કાર્ય પ્રત્યેની નિષ્ઠા ઘટતી જાય છે, આથી મહત્તા આપવાથી વ્યક્તિના હૈયામાં જાદુઈ કામ કરી જાય એવી ચેતનાનો સંચાર થાય છે.'

ભાજપ અને મોદી પર ખેડૂતોને વિશ્વાસ નથી

તંત્રીસ્થાનેથી...

હિંદુત્વ કાર્ડ કે રાષ્ટ્રવાદી વિચારધારા ઉપરાંત મોદીના બિનપારિવારિક - 'સંન્યાસી' વ્યક્તિત્વથી અંજાબી બે-બે વાર એમને ખોબલે ખોબલે વોટ આપનાર દેશના ખેડૂત વર્ગને એમની કૃષિનીતિ ધરાર ગમી નથી. કમનસીબી એ છે કે ખેતીપ્રધાન દેશને આઝાદી પછી સરદાર પટેલ અને ચરણસિંહ જેવા બે જ મોટા ગજાના ખેડૂત નેતાઓ સત્તાના શિખર પર બેસાડવાની તક મળી અને તે પણ અલ્પ સમય પૂરતા. ગુજરાતના પ્રખર રાજકારણી ચીમનભાઈ પટેલ અને હરિયાણાના દેવીલાલ ખેડૂત નેતાઓ તરીકે ખીલ્યા હતા. દેવીલાલ પાસે ઝાઝી કુનેહ નહોતી અને ચીમનભાઈએ રાષ્ટ્રીય સ્તરે પહોંચવાની તક જ ન મળી. કોંગ્રેસના સર્વોચ્ચ નેતાઓ પૈકી ગાંધીજી કે પંડિત નહેરુને પણ ખેડૂતોની સમસ્યાનો પૂરો અભ્યાસ નહોતો. નહેરુના પ્રધાનમંડળમાં પ્રતાપસિંહ કૈરોં ખેડૂત નેતા હતા અને ઈંદિરા શાસન દરમિયાન બલરામ જાખડને એ સન્માન સાંપડેલું હતું. પરંતુ વલ્લભભાઈ પટેલ જેમ આખી શાસક પાર્ટી પર પકડ હોય એવો બીજો કોઈ ખેડૂત નેતા કોંગ્રેસ આપી શકી નથી. એ પ્રતિભાને પૂડતી રહી અને અંતે પરિવારવાદમાં સમેટાઈ ગઈ. દક્ષિણભારતના રેડ્ડીઓ મોટા જમીનદારો હોય છે. એ સમાજમાંથી સંજીવ રેડ્ડી સહિત ઘણા નેતાઓ મળ્યા ખરા પણ હિંદી બેલ્ટના પ્રચંડ પ્રભાવ હેઠળ ગૌણ પાત્રો જ ભજવતા રહ્યા. ભારતીય જનતા પાર્ટી તો વેપારીઓનો પક્ષ હતો - હરિયાણામાં એને હજીય લોકો 'લાલા પાર્ટી' - શેઠિયાઓનો પક્ષ જ માને છે. ભાજપના કોઈ મોટા ગજાના નેતા ખેડૂત પરિવારમાંથી નથી આવ્યા. સમ ખાવા પૂરતા કેશુભાઈ પટેલ અને સાહિબસિંહ વર્મા હતા, જે પોતાના પ્રાદેશિક સીમાડાઓ ઓલંગી જ ન શક્યા કારણ કે પાર્ટીને ખેડૂતોનું નેતૃત્વ ખપતું જ ન હતું. ભાજપની ઓળખ અગાઉ હતી એ જ દિશામાં આગળ વધી છે. આજે એ ઉદ્યોગપતિઓની જ માનીતી પાર્ટી છે અને ચૂંટણી ટાણે ઉદ્યોગપતિઓનાં નાણાં તથા મધ્યમવર્ગને આકર્ષતું હિંદુત્વનું કાડ એની વોટઝોળી છલકાવી દેતાં રહે છે. ખેડૂતોનું વર્તમાન આંદોલન કેન્દ્ર સરકારના કૃષિ સુધારાઓ સામેનું છે. માર્કેટ યાર્ડ સિસ્ટમથી ટેવાયેલાં ખેડૂતોને મોદીએ ખુલ્લું આકાશ બતાવ્યું, જે અનુકૂળ નથી. એમને ભય છે કે ખેડૂતો પોતાના મલ ગમે ત્યાં વેચી શકશે એવા સુધારેલા કાયદાથી માર્કેટયાર્ડો ખતમ થશે. આ માર્કેટ યાર્ડો એક પ્રકારના સહકારી શાહુકારની ગરજ સારતાં રહ્યાં છે. ભારતીય જનતા પાર્ટી દેશની ફૂલીફાલીને ગ્રામીણ વિસ્તારોમાં સમાંતર સત્તા બની ગયેલી સહકારી સંસ્થાઓ કબજે કરવા એડીચોટીનું જોર લગાવતી રહી છે. મહદંશે આ સહકારી ક્ષેત્ર કોંગ્રેસ હસ્તક રહ્યું છે. ઉદ્યોગપતિઓ અને મલ્ટીનેશનલ કંપનીઓ સામે કોંગ્રેસે હંમેશા સહકારી સંસ્થાઓની ઢાલ તરીકે કામ કર્યું છે. ગુજરાતનો સહકારી ડેરી ઉદ્યોગ સરકારની આવી ઢાલ વગર કડડભૂસ થઈ જાય એમ છે. ડેન્માર્ક, નેધરલેન્ડ સહિત અને યુરોપના બીજા દૂધ ઉત્પાદન દેશોએ સસ્તુ દૂધ ઉપલબ્ધ કરાવવાની ઓફર કોંગ્રેસની કેન્દ્ર સરકારે ખેડૂતોના અને પશુપાલકોના હિતમાં ફગાવી દીધી હતી. વર્તમાન મોદી સરકાર આવાં નિયંત્રણો ઉઠાવી લેશે અને સહકારી સંસ્થાઓ ભાંગી પડશે એવી દહેશત પણ આવાં આંદોલનો પાછળ કારણભૂત છે. પછી તો મોટા ઉદ્યોગગૃહો મનમાની કરતા થઈ જાય અને એમની અનુકૂળતા મુજબ ખરીદી કરે તથા એમની મરજી મુજબનો ભાવ આપે. સરકાર ટેકાના ભાવની નૈતિક જવાબદારીમાંથી પણ છટકી જશે એવી ખેડૂતોને ધાસ્તી છે. મોદી કે શાહ ખેડૂત નથી, એટલે એમને ખેતીના અર્થકારણની સમજ નથી. ખેડૂતો સ્વામીનાથન સૂચિત સુધારા અમલી બનાવવાનો આગ્રહ કરે છે. સ્વામીનાથન દેશની હરિત ક્રાંતિના પ્રણેતા ગણાય છે. લાખો ખેડૂતોએ દિલ્હીને વિપક્ષોના સહારે ચારે તરફથી ઘેરી લીધું છે. કયારેક ઉત્તરપ્રદેશના ખેડૂત નેતા મહેન્દ્રસિંહ ટિકૈત દિલ્હીને બાનમાં લઈ સરકારની ઊંઘ હરામ કરી શકતા હતા. વર્તમાન આંદોલન પંજાબ અને હરિયાણાથી શરૂ થયું છે અને એને યોગેન્દ્ર યાદવ જેવા આપ પાર્ટીના સમર્થક બૌદ્ધિકોનું સમર્થન છે. મોદી વારાણસીમાં દેવદિવાળી ઊજવે છે અને સાંસ્કૃતિક પરંપરાઓને સંવર્ધિત કરવાના સંકલ્પ લે છે. ખેડૂતો વીફરશે ત્યારે હિંદુત્વનું કાર્ડ પણ ટાંય ટાંય ફિસ થઈ જશે. આખરે ખેડૂત તો આ દેશની કરોડરજ્જુ છે. સરદાર પટેલે કહ્યું હતું : 'આ દેશમાં જો કોઈની છાતી કાઢીને ફરવાનો હક્ક હોય તો તે માત્ર ખેડૂતને જ હોવો જોઈએ.'

કોઈએ સાચું કહ્યું છે 'સંગત તેવી અસર'

નવાં કલેવર
નટવર હેડાઉ

એકવાર એક ભમરાની મિત્રતા ગંદા ગોબરા કીડા સાથે થઈ ગઈ. કીડાએ ભમરાને કહ્યું, 'ભાઈ, આપણે બંને હવે સારા મિત્રો છીએ, તેથી કાલે તું મારા ઘેર જમવા આવ.'

બીજા દિવસે ભમરો સવારે વહેલા વહેલો તૈયાર થઈ ગયો. ભમરીને પૂછ્યું, 'ક્યાં જાવ છો? મને પમ સાથે લઈ જાવને...'

'હું મારા મિત્ર ગોબરા કીડાને ઘેર જઉં છું. અને ત્યાં નહીં ફાવે.' ભમરો બોલ્યો.

'સારું.... સારું.... પણ તમારું ધ્યાન રાખજો. આજકાલ કોરોના કેટલો પ્રસરી રહ્યો છે. માસ્ક મોઢે લગાવીને જજો અને સોશિયલ ડિસ્ટન્સનું ધ્યાન રાખજો...' ભમરી બોલી.

'અરે, તારે એમાં મને કંઈ કહેવું પડે... જરૂર ધ્યાન રાખીશ. તું પણ કયાંક સંક્રમિત વિસ્તારના બગીચામાં જતી ના રહેતી સમજીને' ભમરાએ શિખાણમ આપી.

ભમરો ગુન... ગુન.... કરતો મોં પર માસ્ક લગાવી પહોંચી ગયો... કીડો તેને જોઈ ખુબ ખુશ થયો. સેનેટાઈઝરથી તેનું સ્વાગત કર્યું. પછી થોડી આડીઅવળી વાતો કરી ભમરાને જમવા બેસાડ્યો. તેણે થાળી તરફ જોયું તો ગંદા પાકેલાં અને સડેલાં ફળ, છાણના લાડુ અને કાદવનો સુપ, તેમાંથી અનેક પ્રકારને દુર્ગંધ આવતી હતી. 'હે ! ભગવાન આવું બધું કેમ ખાવું?' ગોબરા કીડાએ આગ્રહ કર્યો. 'અરે, ખા ભાઈ ખા, આ બધું કેટલી મહેનત કરી તારા માટે લાવ્યો છું. અટકી કેમ ગયો?' ભમરાએ વિચાર કર્યો. કે આની સાથે દોસ્તી કરી ને તો હવે ખાવું તો પડશે જ. પણ હવે હું પણ તેને મારી સંગતનું ફળ કેવું હોય તે સમજાવીસ...

ભમરો બોલ્યો, 'ભાઈ, આજ તો હું તારે ઘેર જમવા આવ્યો. હવે તારો વારો છે. તું કાલે મારે ઘરે આવ.'

બીજે દિવસે ગોબરો કીડો તૈયાર થઈ ભમરાને ઘેર પહોંચ્યો. ભમરાએ કીડાને ઉંચકીને ગુલાબના ફૂળ પર બેસાડી દીધો. અને રસ ખવડાવ્યો. ગોબરા કીડાને સુગંધિત ગુલાબનો રસ ખાવાની ખુબ મજા પડી. તેણે મિત્રનો આભાર માન્યો અને કહ્યું, 'દોસ્ત, તું તો બહુ સારી જગ્યાએ રહે છે અને સારું સારું ખાય છે.'

તે પછી કીડાએ વિચાર કર્યો કે અહીં તો રહેવાની ખુબ મજા આવે એવું છે એમ વિચારીને ફૂલની અંદર જ બેસી રહ્યો.

એટલામાં નજીકના મંદિરનો પુજારી આવ્યો. અને ફૂલ તોડીને લઈ ગયો. તેણે ફૂલ ભગવાનના ચરણે ધર્યું. કીડાને ભગવાનનાં દર્શન પણ થયા. અને તેમના ચરણોમાં જઈ બેઠો.

તે પછી સાંજે પુજારીએ બધા ફૂલો ભેગાં કર્યા. અને નદીમાં પધરાવી દીધા. ગોબરો કીડો નદીના પ્રવાહમાં તરી રહ્યો હતો.અને પોતાના નસીબ પર ખુશ થઈ રહ્યો હતો. 'અરે ! વાહ કેટલું પુણ્ય મળ્યું.'

એટલામાં ભમરો ઉડતો ઉડતો કીડાની પાસે આવ્યો અને બોલ્યો, 'દોસ્ત બોલ કેવું ચાલે છે. મજા છે ને?' કીડાએ કહ્યું, 'ભાઈ હવે તો જન્મોજન્મના પાપમાંથી મુક્તિ મળી ગઈ છે. પણ મને કહે કે આ નદી કઈ છે?' 'ગંગા' ભમરો બોલ્યો, 'પણ ગંગા અહીં કયાથી?' કીડાના મગજમાં શંકાનો કીડો સળવળ્યો.

'અલ્યા ભઈ મન ચંગા તો કથરોટમે ગંગા' ભમરાએ એને સમજાવ્યું. આ સાંભળી આંખમાં આંસુ સાથે કીડો બોલ્યો, 'દોસ્ત, મૃત્યુ પછી લોકો અસ્થિતમાં ને ગંગાજીમાં પધરાવે છે. હું તો જીવતાં જ અહીં આવી ગયો. ધન્ય થઈ ગયો. તારી મિત્રતા અને સંગતનું આજ મને આ ફળ મળ્યું છે. આજે મારી ખુશીનો પાર નથી તારો આભાર માનું તેટલો ઓછો છે. હું જેને સ્વર્ગ સમજતો હતો તે ગંદકી હતી. તારા કારણે મને અસલી સ્વર્ગ શું છે ખબર પડી.'

'તારી વાત સાચી છે. પણ હવે ગંદકી કયાંક રહેશે નહીં. સફાઈ અભિયાન શરૂ થઈ ચૂક્યું છે. હવે તો સ્વચ્છતા ત્યાં પ્રભુતા.' ભમરાએ પોતાની વાત પુરી કરી.

કોઈએ સાચું કહ્યું છે 'સંગત તેવી અસર'

'કાળો નાગ કરડજો' જેવો શ્રાપ જોઈએ કે 'કાળો કાંટો ન વાગજો' જેવુ વરદાન?

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

હસમુખા અને હેતાળવા,
મરક મરક કાઢે વેણ,
એને કાળો કાંટો ન
વાગજો, ભલે હોય પારકા શેણ

માનવીય સંબંધોને વિકસાવવા માટે, ટકાવવા માટે, નિભાવવા માટે અને ગાઢ બનાવવા માટે વ્યકિત-વ્યકિત સાથે કેવા પ્રકારનાં વ્યવહાર અને વર્તન કરવા તેની શિખામણ આપતા અનેક લોકગીતો, છંદો અને દુહાઓનો ખજાનો આપણા લોકસાહિત્યમાં પડેલા છે. આપણાં સમૃધ્ધ લોકસાહિત્યમાં આ પ્રકારનાં લોકગીતો, છંદો અને દુહાઓ દ્વારા માનવીય સંબંધોને ઉજાગર કરવા માટેની અનેક રીતો બતાવવામાં આવી છે. એમાંનો ઉપરોક્ત એક દુહો મૂળ ચારણી સાહિત્યનો છે પણ થોડા ફેરફારો સાથે ગુજરાતીમાં લોકજીભે ચડી ગયેલા આ દુહામાં માનવીય વ્યવહારમાં વ્યકિતની વાણી કેવી જોઈએ તેની કલાત્મક રીતે રજૂઆત કરવામાં આવી છે.

માનવીય સંબંધોમાં વ્યવહાર અને વર્તનમાં વાણી ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. સ્વાદની ભાષામાં જો વાણીનાં પ્રકારોની વાત કરીએ તો વાણી કડવી પણ હોય, વાણી તૂરી પણ હોય, વાણી ખાટી પણ હોય, વાણી ખારી પણ હોય અને વાણી મીઠી પણ હોય.

મીઠી વાણી એક ઔષધ સમાન હોય છે. મીઠી વાણી થકી બે વ્યક્તિઓ વચ્ચે એકબીજા પ્રત્યે પ્રેમભાવનો સંચાર થાય છે. કોઈપણ વ્યક્તિ જ્યારે વાણી ઉચ્ચારે છે ત્યારે એ વાણી થકી જ એ વ્યકિતની શિક્ષા, તેની દિક્ષા, તેમની રૂઢી કે પરંપરાનાં દર્શન થતાં હોય છે અને તેના દ્વારા જ તેના વ્યક્તિત્વની સાચી ઓળખ થઈ હોય છે. મીઠી વાણી બોલતી વ્યકિત તરફ લોકો આપમેળે આકર્ષાય છે. તેના પ્રત્યેનું માન-સન્માન વધી જાય છે. વ્યકિત ભલે ગમતી હોય કે ન ગમતી હોય, વ્યક્તિ ભલે પારકી હોય કે પોતાની હોય, વ્યક્તિ ભલે જાણીતી હોય કે અજાણી હોય, છતાં તેની મીઠીવાણી લોકો ધ્યાનથી સાંભળે છે. એવું કહેવાય છે કે કડવું બોલીને લોકો મીઠું મધ પણ વેચી શકતા નથી પણ મીઠું બોલનાર લોકો કડવું ઝેર પણ આસાનીથી વેચી શકતા હોય છે.

વ્યક્તિ જ્યારે મીઠી વાણી બોલતી હોય છે ત્યારે તેનો ચહેરો પણ સ્વભાવિક રીતે જ મરક-મરક થતો હોય છે. તેનાં હોઠ ઉપર સ્મિત અને આંખોમાંથી હાસ્ય છલકાતા હોય છે. તેનું શરીર આખું મુસ્કુરાતું હોય છે. વ્યક્તિ જે કોઈ સાથે મીઠી વાણીથી વાત કરતી હોય છે તેના પ્રત્યે સ્વાભાવિક રીતે જ હેત ઉભરાતું હોય છે. મીઠી વાણીની સાથે સાથે વાણી બોલનાર વ્યક્તિ સામેની વ્યક્તિ ઉપર પ્રેમ પણ વરસાવતી હોય છે.

ઉપરોક્ત દુહામાં આ જ વાતને કલાત્મક રીતે રજૂ કરતાં કવિ કહે છે કે જે લોકો હસમુખ હોય, જે લોકોનાં વ્યવહાર અને વર્તનમાં હેત ઉભરાતું હોય એટલે કે જે લોકો હેતાવળા હોય એ લોકો મરકતા મરકતા મીઠા વેણ કાઢતા હોય છે. મીઠું બોલતા લોકો પ્રત્યે કોઈપણ વ્યક્તિ હેત ઉભરાય છે. મીઠા લોકો પ્રત્યે જ્યારે વ્યકિતને હેત ઉભરાય છે ત્યારે અનાયાસે જ તેના હૃદયમાંથી પેલા દુહા જેવા આશીર્વાદરૂપ શબ્દો નીકળી જતાં હોય છે કે ''એને કાળો કાંટોય ન વાગજો, ભલે હોય પારકા શેણ'' અર્થાત મીઠીબોલી વ્યકિત ભલે પારકી હોય, ભલે એ વ્યકિત પારકાનું હીત ઈચ્છતી હોય, ભલે તેને આપણી સાથે કોઈ જ સંબંધ ન હોય કે કઈ જ લેવા દેવા ના હોય આમ છતાં એ વ્યકિતનાં જીવનમાં કાંટો વાગે ને જેટલું દુઃખ થાય એટલું દુઃખ પણ ન આવવું જોઈએ. આમ, મીઠાબોલી વ્યકિતને લોકો હૃદય ખોલીને આશીર્વચનો આપતી હોય છે કારણ કે મીઠીબોલી વ્યકિત પોતે મધુરવાણી દ્વારા હેત વરસાવતી હોય છે.

અહીં દંભી લોકોની વાત નથી જે મોઢે મીઠું બોલે અને અંદરથી ઝેર ઓકતી હોય. અહીં આડંબર કરીને, ખોટા દેખાડા કરવા માટે, મીઠા શબ્દો બોલાવનાર વ્યકિતની વાત નથી. આવા લોકો તો કડવા વેણ બોલનાર કરતાં પણ વધારે ખતરનાક હોય છે. દુહામાં વાત એવા લોકોની છે જેનાં હૃદયમાં પણ હેતનું મીઠું સરોવર છલકાતું હોય, જેનું મન નિર્મળ જળ જેવુ હોય. આ જ વાત મેકરણ દાદા કચ્છી દુહા દ્વારા જુદી રીતે કહે છે;

જીયો તો ઝેર મ થિયો
સાકર થિયો સેણ
મરી વેંધા માડુઆ રોંધા
ભલેંજા વેણ

આપણે જાણીએ છીએ કે ઈશ્વરે જ મનુષ્યને વાણીની ભેટ આપી છે. આપણી વાણી મીઠી રાખવી કે અન્ય પ્રકારની એ આપણાં હાથની જ વાત છે. આમ છતાં કેટલાક લોકોનાં મુખમાંથી હંમેશા કડવી વાણી જ નિકળતી હોય છે. કડવી વાણી બોલનાર વ્યકિત ક્યારેય કોઈને ગમતી નથી. તેઓનાં મુખ ઉપર ક્યારેય સ્મિત કે હાસ્ય જોવા નથી મળતું એવી જ રીતે કડવી વાણી બોલનાર લોકો પ્રત્યે પણ કોઈને પ્રેમ કે સ્નેહ હોતો નથી. એ લોકો હંમેશા સોગીયું કે હાડકાયા કુતરા જેવુ ડાચું લઈને જ ફરતા હોય છે. તેઓની વાણીમાંથી કાં તો તીખારા ઝરતાં હોય છે ને કાં તો ઝેર ઓકાતું હોય છે. આવાં લોકો પ્રત્યે કોઈને લાગણી થતી નથી, કોઈને સ્નેહ થતો નથી કે કોઈનો પણ પ્રેમ વરસતો નથી. આવાં લોકો વાતવાતમાં ચિડાઈ જતાં હોય છે. રિસાઈ જતાં હોય છે અને કટુવાણી દ્વારા પોતાની હૈયાવરાળ કાઢતા હોય છે.

આવાં લોકો ભલે પોતાનાં જ હિતેચ્છુ હોય, પોતાનાં જ સ્નેહી સંબંધ હોય. પોતાનાં જ હિતમિત્ર હોય તો પણ એવા લોકો પ્રત્યે આપણને ક્યારેય હેત ઉભરાતું નથી અને તેમની સાથે સંબંધો બાંધી કે ટકાવી શકતા નથી. આ પ્રકારના લોકો પ્રત્યે આપણાં મુખમાંથી હંમેશા શાપરૂપ શબ્દો જ નીકળી જતાં હોય છે અને એ શ્રાપરૂપ કેવા શબ્દો નીકળે છે તેની ચારણી લોકસાહિત્યમાં એક દુહા રૂપે સુંદર અભિવ્યકિત થઈ છે. એ દુહો ગુજરાતીમાં થોડા ફેરફારો સાથે લોક જીભે ચડેલો છે જે આ રીતે છે;

કાળમુખા અને
રિસામણા, વળી વલવલ કાઢે
વેણ,
એને કાળો નાગ
કરડજો,ભલે હોય પોતાનાં
શેણ.

(વિચાર બીજ અને દુહા સૌજન્ય : ગોરધન પટેલ 'કવિ' માંડવી કચ્છ)

જીવનની ઢળતી સંધ્યાએ પતિ-પત્ની રૂક્ષ કેમ થઈ જાય છે?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આ પૃથ્વી ઉપર કોઈ શાશ્વત નથી રહી શક્યું એ કુદરતી ક્રમ છે વ્યક્તિ જો જીવંત અને તંદુરસ્તી સારી રાખી શકે તો નિશ્ચિત પણે વૃદ્ધત્વના તબક્કામાંથી પસાર થયા બાદ એ વિદાય થાય છે. મતલબની વાત એ જ છે કે ઘડપણ જીવનનો અંતિમ તબક્કો બની રહે છે, અને આ બાબતમાં કંઈ જ નવું જણાતું પણ નથી! સૂર્યોદય પછી મધ્યાહન અને પછી સાંજ એ જ ક્રમ જીવનની ગતિમાં પણ જોઈ શકાય છે. બચપણ યુવાની પછી વૃદ્ધાવસ્થા એ સહજક્રમ જીવનનો હોય અને આ પ્રત્યેક તબક્કોન ખુબ મોજમસ્તી, ભાવસભર અને અર્થપૂર્ણ રીતે જીવવો એ એનું સત્વ છે. જે ઉંમરમાં જે શોભતું હોય એ સ્વીકાર્ય કરવાથી વ્યક્તિ આનંદમાં રહી જીવે તથા સમાજને ખુદનું યોગદાન પણ આપી શકે. વય સાથે યથાયોગ્ય રીતે વહેવું એ જીવનની સફળતાની પૂર્વશરત હોય છે. કાળક્રમે એવો યુગ આવી ગયો છે કે વ્યક્તિને માથે હેર ડાઈ લગાડીને નાની વયના દેખાવાની તમન્ના રહેતી જ હોય છે! વાળ કાળા કરવાથી શું યુવાન રહી શકાય અતવા યુવા બની જવાય ? સફેદ વાળ એ વર્ષોનો સરવાળો મહદંશે હોય અને એ સહજ રીતે વૃદ્ધત્વનું પણ સૌંદર્ય હોય છે છતાં સમજણમાં આવતું નથી. વૃદ્ધત્વ બધા માટે અનિવાર્ય છે. પરંતુ વૃદ્ધ થઈ જવું કે નહીં એ વ્યક્તિના હાથમાં હોય છે. સુરેશ દલાલના લખામો આ જ વિષય ઉપપર સોશિયલ મીડિયામાં વાંચવા મળે તો આનંદ થઈ જાય છે. વ્યક્તિની ઉંમર એ કુદરતી ક્રમનું પરિણામ છે. પરંતુ તન-મનની વ્યસ્ત અને મસ્ત રહી માણસ મરતા સુધી જીવનને પૂર્ણ ન્યાય આપી શકે છે. દિલ-દિમાગને કયાં કોઈ ઉંમર નડે છે ? મહાનાયક અમિતાભ બચ્ચનને નાણાંની કમી નથી છતાં એ સ્વયંની ઉંમરની સ્વીકૃત કરી કામ કરતા રહી વ્યસ્તતામાં જીવે છે તે આપણે બધા જોઈ શકીએ છીએ. રૂઢગત હિરોની શૈલીથી હટીને નવું વ્યક્તિત્વ અને વ્યક્તિતાને ઢાળવા વ્યક્તિની ઈચ્છાશક્તિ તથા સંકલ્પ મજબૂત જોઈએ તો બધુ યોગ્ય છે. ઉંમરને હરાવવા શોખ જીવંત રાખવા અને મસ્તીની છોળને દિલમાં રાખવી પડે છે!

હવે જે ચિંતન કરવાનો પ્રશ્ન એ છે કે આખી જિંદગી સાથે વિતાવ્યા બાદ ઢળતી સંધ્યાએ હમસફર શા માટે અગાઉની જેમ મોજથી, સહજતાથી, શાંતિથી જીવી શકતા નથી? આ ઉપર અભ્યાસ કરવા જેવું છે. એવી તે કંઈ ઘટના કે પરિસ્થિતિ ઊભી થાય છે કે તેમની વચ્ચેની આત્મિયતા કે આદરભાવ નષ્ટ થઈ જાય છે ? સમાજમાં જે કોઈ વૃદ્ધ દંપત્તિ જીવી રહ્યા છે એ જતી જિંદગીની વેળાએ તદ્દન ભાવહિન કે રૂક્ષ જોવા મળે ત્યરે મનમાં કંઈક વ્યથા સાથે વિચારમંથન શરૂ થઈ જાય છે. અને મનમાં કંઈક વ્યથા સાથે વિચારમંથન શરૂ થઈ જાય છે આ બિલકુલ કડવી તથા વરવી વાસ્તવિકતા છે! આ માટેનાં કારણો દરેકના વિવિધ હોઈ શકે છે તેમ છતાં અમુક બાબતો સર્વ સામાન્ય હોય છે જેમ કે પરિવારના સભ્યો તેમના પરિવારમાં ગોઠવાઈ જતા મા-બાપ તરફનો ઝૂકાવ અને સ્નેહ ઓસરી જાય છે. બીજું વૃદ્ધત્વ સમયે પૂર્વ આયોજન ના હોય તેના કારણે આર્થિક દૃષ્ટિએ લાચાર દશામાં વૃદ્ધ દંપત્તિ મનોમન પીડાનો અહેસાસ કરે જે છેવટે કંકાસમાં પરિણમે અને લગાવ ઘટે છે. ત્રીજુ વૃદ્ધાવસ્થામાં જાતિય આવેગો - સ્પંદનો - બધું જ આભની અટારીએ પહોંચે છે જે યુવાવસ્થામાં પ્રેમનો પાયો બની ને ઐક્ય બનાવી રાખવામાં મુખ્ય તત્ત્વ હતું. આ પણ અત્યંત મહત્ત્વની બાબત જોવા મળે છે. ચોથું જે યુવાવસ્થામાં સાથે બેસી ને જ ભોજન લેતા હતા તે હવે પરસ્પર વાત કર્યા વિના પોતપોતાની રીતે અસ્તિત્વ માટે પેટ ભરતા રહે પણ પ્રેમ નામનું રત્ન હવે લુપ્ત થઈ ગયું છે. અર્પણ અને સમર્પણની જગ્યાએ હલકી ભાષા - ગુસ્સો - ઘૃણા અને નફરતનો માહોલ ઊભો થઈ જતો જોવા મળે છે. જાણે કે હવે જીવન જ સમાપ્ત થઈ ગયું છે. બહુધા કિસ્સામાં સ્ત્રીઓ સ્વયંને વૃદ્ધત્વના શરણમાં પોતાને સોંપી દે છે તો પુરુષ પોતે નર હોવાના લીધે માનસિક રીતે આવું કરી શકતો જ નથી. એટલે વૈચારિક ઘર્ષણ શરૂ થઈ જાય છે. જેમાંથી મળેલા જીવ જુદા જુદા જીવ બની જાય છે!! પાંચમું કેટલાક કિસ્સામાં પરિવારમાં કોઈક સ્વજન આ વૃદ્ધત્વ વેળાએ અચાનક વિદાય લે કે દુર્ઘટના ઘટે તેની અસર મહિલા ઉપર ભયંકર આઘાત ઊભો કરે જેના કારણે એ જીવન પરત્વે રસહિન ઉષ્માહિન કે કંગાળ બની જતા તે પોતાના સાથીથી રૂક્ષ થઈ જીવવા લાગે છે. અંતિમ કારણ એ છે કે સ્ત્રીઓ શક્તિ સ્વરુપા છે તેથી તે પોતાની તમામ શક્તિઓથી નિવૃત્તિ લઈ લે છે.

એક સુંદર શેર સમજવા જેવો છે -

'સમય બહાકર લે જાતા હૈ
નામ ઔર નિશાન
કોઈ હમ મેં રહ જાતા હૈ
ઔર કોઈ અહમ મેં !'

વૃદ્ધત્વ કાળમાં જો પુરુષ બાજુએ વાત કરીએ તો સદાય પુરુષ બની રહેવા કુદર